## જન્મદિને વધામણી



હેમંત કે. પોપટ
સભ્ય, જલારામ સેવા સમાજ



ધવલ તુષાર ધનેશ્વર
મો. ૯૪૨૬૪ ૫૯૨૬૬



રાજ કે ખાંટ
માઉન્ટ કાર્મેલ સ્કૂલ



સિત્બ કાદરી
રિપોર્ટર, જયહિંદ
મો. ૯૭૧૪૦ ૪૨૫૧૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જે. એમ. ચૌધરી પ્રાથમિક શાળાનું ગૌરવ વધારતી બે વિદ્યાર્થીનીઓ





ગાંધીનગરના સે-૭માં જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે તાજેતરમાં બાળ ઊર્જા સંરક્ષણ દળ અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે ‘ઊર્જા બચત અને ઊર્જા સંરક્ષણ’ વિષયે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયના ધો-૫માં અભ્યાસ કરતી ઋત્વા આર. ચૌધરી તથા ધો-૮માં અભ્યાસ કરતા યતિન એમ. પટણી બંનેએ જિલ્લામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી રૂ.૧ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

# વૉર્ડ નં. ૫નાં મહિલા નગરસેવકોએ ‘ચેન્જ સૅક્ટર-૨૪’ કાર્યક્રમ લૉન્ચ કર્યો



ગાંધીનગર, તા. ૨૯

સૅક્ટર-૨૪ ખાતે કાર્યરત પ્રિસ્કૂલ ‘સુપર કિડ્સ’ના સ્પૉર્ટ્સ ડેની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે વૉર્ડ નં. ૫નાં મહિલા નગરસેવક પ્રવીણાબેન દરજી અને લીલાબેન શુકલએ ઉપસ્થિત રહી યુવા દિશા કેન્દ્ર પ્રેરિત ‘ચેન્જ સૅક્ટર-૨૪’ કાર્યક્રમ લૉન્ચ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને યુવા વર્ગને સાંકળીને સ્વચ્છતા અભિયાન, સ્કિલ ડેવલપમેન્ટ, નશાબંધી ઉપરાંત સરકાર પ્રેરિત કાર્યક્રમો વર્ષભર જોશભેર ચલાવવામાં આવશે અને યુનોના સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ધ્યેયથી તમામને વાકેફ કરી સ્વામી વિવેકાનંદની ૧૫૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે હેન્ડબૉલનાં રાષ્ટ્ર કક્ષાના ખેલાડી રામ ભતેરી અને અનુ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે ઑલિમ્પિક જ્યોત અને રમત મશાલ પ્રજ્વલિત કરવામાં આવી હતી. સંસ્થાનાં માનદ નિયામક જાગૃતિ મહેતાએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાનો પરિચય આપ્યો હતો અને નવાં કલેવર સાથે નવી દિશાઓ ધરી વિદ્યાર્થી નવનિર્માણની વાત સૌની સમક્ષ રજૂ કરી હતી.

સમગ્ર દિવસ દરમિયાન જુદી-જુદી ૨૫ જેટલી રમતોમાં વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્ય હેમતલા કટારા સહિત સ્ટાફે જહેમત ઊઠાવી હતી.

# ઍસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં સમૂહ ગાન સ્પર્ધા યોજાઈ



એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૧ થી ૪ના બાળકો માટે સમૂહગાન સ્પર્ધાનું આયોજન થયું . આ પ્રવૃતિમાં ભગવાન માતા-પિતા, દાદા-દાદીના વાત્સલ્યસભર ગીતો સમૂહમાં રજૂ કર્યા હતા. બાળકોમાં ગાનશૈલીનો વિકાસ થાય તેમજ વડીલો પ્રત્યે આદરભાવ પ્રગટ થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં દરેક ધોરણમાંથી પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર, ગુજરાતી માધ્યમના ઉપક્રમે બુધવાર અને ગુરુવારના રોજ જુનિયર કેજી અને સિનિયર કેજીનાં બાળકો માટે રમતોત્સવ અને બાલોત્સવના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાનાં બાળકોએ ઉત્સાહથી રમતોમાં ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. બાલોત્સવ અંતર્ગત બાળકોએ ટીચર્સ સાથે વિવિધ નૃત્યો પ્રસ્તુત કરીને કૅમ્પસને કિલ્લોલથી ભરી મૂક્યું હતું. બાલમંદિરનાં કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

તમારો સૌથી શ્રેષ્ઠ મિત્ર
અને
સૌથી ભયાનક દુશ્મન
તમારી અંદર જ
છુપાયેલો છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
દંગલ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
અસાસિન્સ ક્રીડ
(હિન્દી, ૩ડી)
૧.૦૦, ૫.૩૦,
૧૦.૦૦
અસાસિન્સ ક્રીડ
(અંગ્રેજી, ૩ડી)
૩.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫, ૬.૪૫
ફૂખ
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
૧૦.૦૦, ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા


# આજે તેજસ્વી તારલા સન્માન સમારોહ અને પ્રથમ વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગર જિલ્લા સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, મહાત્મા ગાંધી વિદ્યામંદિર, ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલયના ઉપક્રમે પ્રથમ વાર્ષિકોત્સવ તેમજ તેજસ્વી તારલાઓને પૂજ્ય છગનભા, પૂજ્ય દાસકાકા, પૂજ્ય દિવાળીબા તથા પૂ. માણેકલાલ સાહેબ પારિતોષિક અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

સમારોહના સંયોજક તથા સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારના આચાર્ય રાજેશભાઈ કે ત્રિવેદીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કેમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે આયોજિત આ સમારોહના અધ્યક્ષ તરીકે રાજ્ય સરકારના શાળાઓ વિભાગના કમિશનર જે કે ગઢવી, ઉદ્ઘાટક તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડ ઉપસ્થિત રહેશે.

# ગુજરાતની અસ્મિતાના આવિષ્કારક યુગવર્તી સાહિત્યકાર ક મા મુનશીજી



ગુજરાતની અસ્મિતાના ધરોહરહ, સમર્થ સાહિત્યકાર કનૈયાલાલ માણેકલાલ મુનશીજીની આજે જન્મજયંતિ નિમિત્તે ગુજરાતીઓ ધન્યતા અનુભવે છે. આ જીવનની એક એક પળનો જાણે હિસાબ આપવાનો હોય એ રીતે ક મા મુનશીજીએ તેમના જીવનની સુદીર્ઘ કારકિર્દીમાં અનેક ક્ષેત્રોમાં ઓજન પાથર્યાં છે.

મુનશીજીનો જન્મ ૩૦ ડિસેમ્બર, ૧૮૮૭ના રોજ ભરૂચમાં થયો હતો. ૧૯૦૧માં મૅટ્રીકની પરીક્ષા પાસ કરી વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ૧૯ વર્ષની વયે વડોદરા કૉલેજમાંથી ઍલિસ પ્રાઈઝ સાથે વિનયનના સ્નાતકની પદવી મેળવી. ત્યારબાદ ઍલઍલબી કરી મુંબઈમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો, ત્યારથી માંડીને ૮૩ વર્ષની જૈફ વય સુધી સતત શિસ્તબદ્ધ કામ કરી અનેક ઈતિહાસો સર્જ્યા. ક મા મુનશીજી ગોવર્ધનરામ ત્રિપાઠી પછીના સીમાસ્તંભ રૂપ શ્રેષ્ઠ નવલકથાકાર ને મહાનવલકાર છે. તેમણે ‘વેરની વસૂલાત’ જેવી સામાજિક નવલકથાથી પ્રારંભ કર્યો. એ પછી પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ, જય સોમનાથ, ભગ્નપાદૂકા, પૃથ્વીવલ્લભ જેવી રંગદર્શી અને લોપામુદ્રા, લોમહર્ષિણી, ભગવાન પરશુરામ, કૃષ્ણાવતાર જેવી પૌરાણિક નવલકથાઓની રચના પણ કરી. મુનશીજી ઉત્તમ નાટ્યકાર પણ છે. સામાજિક નાટકોમાં વાવા શેઠનું સ્વાતંત્ર્ય, બે ખરાબ જણ, આજ્ઞાંકિત, કાકાની શશી, બ્રહ્મચર્યાશ્રમ, ડૉ. મધુરિકા, છીએ તે જ ઠીક, પીડાગ્રસ્ત પ્રૉફેસર, વાહ રે મૈં વાહ તથા પૌરાણિક નાટકોમાં પુરંદર પરાજય, અવિભક્ત આત્મા, તર્પણ, પુત્રસમોવડી, ધ્રુવસ્વામિની દેવી વગેરે નાટકોએ ગુજરાતની નાટ્યભૂમિને ગૌરપ્રદ બનાવી છે. આત્મચરિત્રકાર મુનશીજીએ શિશુ અને સખી, અડધે રસ્તે, સીધાં ચઢાણ અને સ્વપ્નસિદ્ધિની શોધમાં ગ્રંથોમાં સવિસ્તાર, સરસ અને નવલકથાકલ્પ દીર્ઘ આત્મકથા આલેખી છે. ગુજરાતની અસ્મિતા, થોડાંક રસદર્શનો, ગુજરાતના જ્યોતિર્ધરો, ગુજરાતની કીર્તિગાથા, ચક્રવર્તી ગુર્જરો જેવાં માતબર સંશોધનાત્મક ગ્રંથો દ્વારા વિવેચનમાં પણ નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. ક મા મુનશીજી ગદ્યના સમર્થ સ્વામી, પ્રચંડ મનોઘટનાશાળી સ્વપ્નદૃષ્ટા સર્જક છે. નિત્સેના મહામાનવ અને ફ્રૉઈડના મનોવિજ્ઞાનને ગુજરાતીમાં તેમણે ઉતાર્યું છે. સાહિત્ય ઉપરાંતની એમની યશકલગીનાં પીંછાં પણ સાંસ્કૃતિક મહામાનવનું ચિત્ર ઉપસાવે છે. ગુજરાત માસિકનો પ્રારંભ ૧૯૩૭માં મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન, ૧૯૪૮માં રાષ્ટ્રની બંધારણ સભાના સભ્ય, કેન્દ્રીય પ્રધાનમંડળમાં ખેતીવાડી ખાતાના પ્રધાન, ૧૯૫૨માં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ, ૧૯૩૮માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના, ૧૯૩૭, ૪૯, ૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, ભરૂચમાં મફત પુસ્તકાલયની સ્થાપના, કરાંચી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેલવાસ, ૧૯૪૮માં સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર, ૧૯૪૮માં હૈદરાબાદના ભારતના વિલિનીકરણમાં મહત્ત્વની ભૂમિકા અને ૧૯૫૪માં વિશ્વ સંસ્કૃત પરિષદની સ્થાપના.

- સ્વાતિ શુક્લ

# શિવરંજનીનો અભિનવ પ્રયોગ : ‘બટ્ટ મોગરાની સુરીલી સુગંધ’

આપણા આ ગાંધીનગર શહેરને શિરમોર ગણાય એવી અનેક સાંસ્કૃતિક સંસ્થાઓ સાંપડી છે. દર વર્ષે દિવાળી અને લગ્નસરાની મોસમ બાદ વર્ષના અંતભાગમાં, એટલે કે ડિસેમ્બરમાં ગાંધીનગરજનોને ‘શ્રેષ્ઠ’ કાર્યક્રમો પીરસવાની જાણે કે હોડ જામે છે...! ગાંધીનગરની વિવિધ પ્રકારની કલા સંસ્થાઓ દ્વારા અલગ અલગ કાર્યક્રમોના પીરસાતા થાળને કલારસિકો પોતાની રસ-રુચિ મુજબ પ્રતિસાદ આપે છે. આ સમગ્ર ઘટનાક્રમમાં ‘શ્રેષ્ઠ’ પીરસવાનો કલાસંસ્થાઓના સંચાલકોનો પ્રયાસ બિરદાવવાલાયક હોય છે. એમાંની એક સંગીતને વરેલી અને એમાંય મહત્તમ રીતે ગુજરાતી ગીત-સંગીતને વરેલી ‘શિવરંજની’ સંસ્થા દ્વારા હાલમાં જ અભિનય પ્રયોગ સાથે એક સુંદર, સરાહનીય અને સફળ કાર્યક્રમ ‘બટ્ટમોગરાની સુરીલી સુગંધ’નું આયોજન અને પ્રસ્તુતિ થઈ.

ભૂતકાળમાં ‘વેણીનાં ફૂલ’ કાર્યક્રમ દ્વારા ત્રણ સ્ત્રી અવાજ દ્વારા સુંદર ગીત-સંગીત પીરસી, મનને મોહી લેતો કાર્યક્રમ આપ્યા બાદ આ વર્ષે ત્રણ પુરુષ અવાજને સમાવતી સુરીલી-સુગંધિત મહેફિલની તાજેતરમાં પ્રસ્તુતિ થઈ.

‘વેણીના ફુલ’ કાર્યક્રમ દ્વારા આનલ વસાવડાની ગાંધીનગરને પ્રથમ ઓળખ કરાવનાર શિવરંજની સંસ્થા દ્વારા આ કાર્યક્રમ થકી સુરત નિવાસી ઉભરતા યુવા કલાકાર શ્રી અમન લેખડીયાને ગાંધીનગરમાં પ્રથમવાર મંચ પર પ્રસ્તુત કરાયા હતા. શ્રી અમન લેખડીયા ગુજરાતી ફિલ્મોમાં પણ પોતાનો અવાજ આપી રહ્યા છે. ગુજરાતી સંગીતની યુવાપેઢીનું ગરવીલું નામ એટલે દમદાર કંઠ અને બુલંદ અવાજના માલિક શ્રી પ્રહર વોરા. જેમના પ્રત્યેક સ્વર અને શબ્દમાં માધુર્ય ટપકે છે એવું ગુજરાત અને દેશનું સંગીત ક્ષેત્રનું જાણીતું અને માનીતું નામ એટલે શ્રી નયનભાઈ પંચોલી. આ ત્રિપુટી દ્વારા આ કાર્યક્રમમાં ઉત્તમ સંગીતની પ્રસ્તુતિ થઈ હતી.

કવિ-લેખક અને રેડિયો મિર્ચી (સુરત)ના આર.જે. શ્રી ચિરાગ ત્રિપાઠીના સાહિત્યથી સમૃદ્ધ રસાળ શૈલીના સંચાલને પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પહેલા જ પ્રેક્ષકોને મોગરાના અત્તરનો માદક સ્પર્શ આપી સુગંધાન્વિત કરવામાં આવ્યા હતા. આમ સુગંધિત વાતાવરણ અને મંચ પર જાતા બટ્ટમોગરા જેવા કલાકારોની ઉપસ્થિતી અને પ્રસ્તુતિએ પ્રેક્ષકોના મન પર એક અનોખી ભાત ઉપસાવી હતી.

કાર્યક્રમની શરૂઆત શ્રી નયન પંચોલી અને પ્રહર વોરાને કંઠે ગવાયેલ માતાજીની સુંદર સ્તુતિ ‘જય જય જગ જનની દેવી... સુરનર મુની અસુર સેવી’થી થઈ... જેણે વાતાવરણમાં સાત્વિકતા ઉમેરી દીધી. ત્યારબાદ અંકિત ત્રિવેદી લિખિત ગૌરાંગ વ્યાસ રચિત રચના ‘સાત સૂરોનાં સરનામે અમે તમને મળવા આવ્યા...’ની નયનભાઈ દ્વારા પ્રસ્તુતિને સૌએ ખૂબ વધાવી. શ્રી સુરેશ દલાલ લિખિત અને રૂપકુમાર રાઠોડ દ્વાર સ્વરબધ્ધ થયેલ ગીત ‘આભમાં જો ને કેટલા વાદળ એટલો પાગલ, તું પુછતી નહીં કેટલો પાગલ કેટલો પાગલ...’ની પ્રહર વોરાના કંઠમાં સુંદર રજૂઆત થઈ.

દરેક ગીત સાથે કવિ શ્રી ચિરાગ ત્રિપાઠીની સુંદર-સહજ અને સરળ વાતો ગાયકો અને શ્રોતાગણને સાંકળી રાખી કાર્યક્રમના પ્રવાહને સરસ મજા વળાંક આપતી રહી.

કાર્યક્રમના શિર્ષકને યથાર્થ કરતું ગીત, ‘ઓલ્યા માંડવાની જુઈ...’ની રજૂઆત આ કાર્યક્રમનું વિશેષ નજરાણું બની રહ્યું. સંસ્થાના પ્રમુખશ્રી વાગ્મિનભાઈ બુચના જણાવ્યા પ્રમાણે શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય, શ્રી રાસબિહારી દેસાઈ અને પિનાકીન મહેતા દ્વારા ગવાયેલા આ ટ્રાયોની ઑનસ્ટેજ રજૂઆત આ કાર્યક્રમ સિવાય ભૂતકાળમાં માત્ર એક જ સ્ટેજ પરથી થઈ છે.

આ ઉપરાંત કવિશ્રી હસિત બુચ લિખીત ગીત ‘એક નિરંતર લગન અમે રસ પાયા કરીએ...’ની પ્રહર વોરા દ્વારા થયેલ પ્રસ્તુતિ ખૂબ અસરકારક રહી. અમન લેખડીયાના અવાજમાં પ્રસ્તુત થયેલ ગીતો ‘એના રૂંવે-રૂંવે વાંસળી વાગે...’, ‘ધેનુકાની આંખોમાં જોયા મેં શ્યામ...’, ‘થાય સરખામણી તો ઊતરતા છીએ...’, ‘કહું છું જવાની ને પાછી વળીજા...’ એ પણ પ્રેક્ષકોની સારી દાદ મેળવી હતી.

કવિ તેજસ દવે અને સ્વરકાર નયન પંચોલી રચિત ગીત ‘આપણે જ આપણું મનગમતું નમ કદી કાઠે સુધી આવવા ન દીધું...’ અને નયનભાઈ તેમજ પ્રહર વોરાના સંયુક્ત સ્વરમાં કવિ અનિલ જોષીની રચના ગૌરાંગભાઈ વ્યાસનું સંગીત નિર્દેશન ‘અમથું જરાક અમે પૂછ્યું કે કેમ છો ? એમાં શું પડી ગઈ ધાડ’ની રજૂઆત માર્મિક અને મઝેદાર સંવાદના જગાડી ગઈ. પ્રહર વોરાના કંઠે રજૂ થયેલ શ્રી ભાસ્કર વોરા લિખિત મીરાંગીત ‘સખી મધરાતે એકવાર મીરાં આવી તી....’ શ્રી નયનભાઈ પંચોલીની સ્વરચનામાં ગોઠવાયેલ આ ગીતે પ્રેક્ષકોની ખૂબ વાહ વાઈ મેળવી હતી.

મૂળ કવિવર રવિન્દ્રનાથ ટાગોરની રચના, જેનો ભાવાનુવાદ આપણા રાષ્અટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ કર્યો છે, એ સુંદર રચના ‘મારું મન મોર બની થનગનાટ કરે...’ અને શ્રી નયનભાઈ પંચોલી દ્વારા થયેલ ગીત ‘હું તુ તુ તુ...’ની રજૂઆતથી વાતાવરણમાં નવી ચેતના પ્રગટી હતી. ગાંધીનગરના લાડીલા તબલાવાદક શ્રી બલ્લુ સિંધાને પણ પ્રેક્ષકોએ પ્રેમની તાળીઓથી નવાજ્યા હતા.

આ ઉપરંત શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય સ્વરાંકિત ‘મારી કોઈ ડાળખી માં પાંદડા નથી, મને પાનખરની બીક ના બતાવો...’ શૂન્યપાલનપુરીની રચના ‘આવ્યો છે જમાનો ફૂલોનો... આવી છે જવાની ફૂલોની...’, ‘તારી આંખનો અફીણી...’ અને ‘પ્રીત કી લત મોહે ઐસી લાગી’ જેવી અનેક દમદાર પ્રસ્તુતિથી કાર્યક્રમની ગરિમાને ચાર ચાંદ લાગી ગયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કારોબારી સભ્ય શ્રી અતુલભાઈ રાવલ અને પ્રમુખ શ્રી વાગ્મિનભાઈ બુચ દ્વારા અપાયેલી કાર્યક્રમની રૂપરેખા અને એના મિજાજની ઓળખનો સ્વાનુભવ શ્રોતાઓ માટે વર્ષ ૨૦૧૬નું સુંદર સંભારણું બની રહ્યો.



- મમતા રાવલ